# સંપત્તિની માયાજાળ

પૈસો હાથનો મેલ છે કે પૈસો પરમેશ્વર છે ? આ વિરોધાભાસ વિચારનો જવાબ આપવો બહુ જ કઠીન છે. વાડની તમે કઈ બાજુએ ઊભા છો એના પર આધાર રાખે છે. પરંતુ એક વાત નક્કી છે કે જીવન જીવવા માટે, જીવનની આવશ્યકતાઓ પૂર્ણ કરવા માટે પૈસો પાકે પાયે જરૂરી છે.

નાનપણમાં એક નાટક જોયેલું : 'પૈસો બોલે છે.' એ જોયા પછી જીવનમાં અનુભવ્યું કે પૈસો ખાલી બોલતો જ નથી, ગાય છે, વગાડે છે, નચાવે છે. પૈસા વગર કશું જ શક્ય નથી. એક કહેવત છેઃ નાણાં વગરનો નાથીયો અને નાણે નાથાલાલ.

મારો પોતાનો નિજી અનુભવ છે પૈસા વગર જીવવું અસંભવ છે. પરંતુ જેમ જેમ પૈસો કમાતો ગયો તેમ તેમ પૈસાની ભૂખ વધતી ચાલી. શરૂઆતનો પૈસો કમાવાનો આનંદ તણાવમાં બદલાવવા લાગ્યો. તબિયત બગડવા લાગી. પૈસો હતો પરંતુ સુખ ન હતું, શાંતિ ન હતી, પ્રસન્નતા ન હતી.

મારા મા-સ્વામી જય-વિજયાજી મહાસતીજીએ ત્યારે સમજાવ્યું : "પૈસો કે પદાર્થ ખરાબ નથી, પરંતુ એનો મોહ ખરાબ છે." Need અને Greed – જરૂરત અને લોભમાં ફરક છે. જીવન જીવવા માટે પૈસા, વસ્તુઓ અને પદાર્થોની જરૂર છે પરંતુ તેના મોહમાં આવી તેની પાછળ પડવું એ દુઃખનું કારણ છે.

સુખ શું છે ? સંતોષ- આત્મ સંતુષ્ટિ એ સુખ છે. સાદું જીવન જીવીને પણ જો સંતોષ હોય તો એ સુખ છે અને મહેલમાં રહીને પણ સંતોષ ન હોય તો એ દુઃખ છે. એક બાળક ફુગ્ગો ખરીદીને ખુશ છે તો બીજો વેચીને. સુખ એ જીવનની આંતરિક બાબત છે. તૃપ્તિ જેવું કોઈ સુખ નથી.

એક વાત નક્કી છે કે ચોક્કસ સ્તરની બહાર પૈસાની કોઈ કિંમત નથી.

જીવન એક યાત્રા છે જન્મથી મરણ સુધીની. બધો મનનો ખેલ છે. લોભ, તૃષ્ણા, પરિગ્રહ, મોહ, માયા એ સર્વે દુઃખી કરનારા પરિબળો છે. જ્યારે ઉદારતા, પ્રેમ, કરૂણા, સ્નેહ એ સર્વે સુખી કરનારા પરિબળો છે. સંતોષ અને તૃપ્તિ મનને શાંતિ આપે છે. જીવન પસાર કરવા કરતાં સાર્થક કરવું જરૂરી છે. આપણો

પડછાયો જ્યારે બીજા માટે છાંયડો બની જાય ત્યારે આપણું જીવન સફળ અને સાર્થક થયેલ ગણાય.

જીવન એક વરદાન છે. જીવન એક અવસર છે. અવિરત-અખંડિત આનંદના પ્રવાહમાં જીવવું એ એક લ્હાવો છે. પૈસો અને સંપત્તિ જરૂરી છે પરંતુ તેનો મોહ વ્યક્તિને દુઃખી બનાવે છે. દાન અને ઉદારતા પૈસો અને સંપત્તિના મોહને ઘટાડવાનું કામ કરે છે. બીજાને મદદ કરવાથી એક અજોડ સુખ અને આનંદ જીવનમાં પ્રવેશે છે, જેને વર્ણવું મુશ્કેલ છે. એ અનુભૂતિથી જ સમજી શકાય.

કોઈના હ્રદયના ઊંડાણને સ્પર્શવા માટે અંતરની ઉદારતા અને હ્રદયની વિશાળતા હોવી જરૂરી છે. પૈસાનો સદ્ઉપયોગ એ સૌથી મોટા આશીર્વાદ છે. અહીંનું અહીં જ રહી જવાનું છે તો માપસર કમાવ, માપસર વાપરો અને બાકીનું વહેંચો. વાપરવાનો અને વહેંચવાનો એમ બંને આનંદ માણો. આ જ છે સત્તચિત્આનંદ.